**Vidhyayana - ISSN 2454-8596**

An International Multidisciplinary Peer-Reviewed E-Journal

www.vidhyayanaejournal.org

Indexed in: ROAD & Google Scholar

# મનરેગા યોજના અને ગ્રામીણ ક્ષેત્ર (વિકાસ અને પડકાર)

**જુગાજી બી. ઠાકોર**

પીએચ.ડી. સ્કૉલર,

અર્થશાસ્ત્ર વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**સારાંશ :-**

આ સંશોધન પેપરમાં ભારતમાં કાર્યરત મનરેગા યોજના અંતર્ગત ગ્રામીણ ક્ષેત્રે થયેલા વિકાસના અનુસંધાનમાં હાથ ધરવામાં આવ્યું છે. ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની વૃદ્ધિ માટે અને લોકોની આર્થિક સુખાકારી અને જીવનધોરણમાં સુધારાના હેતુથી શરૂ વર્ષ ૨૦૦૬માં કરવામાં આવેલ મનરેગાના પ્રોજેક્ટ અંતર્ગત ગ્રામીણ વિસ્તારની કયાપલટ કરવાના હેતુથી આ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. આ અભ્યાસમાં મનરેગા યોજનાનો ખ્યાલ, મનરેગા યોજનાની કામગીરી, ઉદ્દેશો અને શ્રમિકોના પ્રશ્નોને આવરી લેવામાં આવ્યા છે. આ અભ્યાસ દ્વિતીય ગૌણ માહિતીને આધારે રજૂ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો :-** આર્થિક વિકાસ, ગરીબી, બેરોજગારી, વેતન, વૃદ્ધિ.

**પ્રસ્તાવના :-**

ભારતમાં આઝાદી પછીના વર્ષોમાં આર્થિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં વિકાસ સાધવા માટે સતત પ્રયત્ન શીલ રહયો છે. જે માટે લોકશાહીના અનુસંધાનમાં આયોજન પૂર્વક પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. તેના માટે જરૂરી હતુ કે લોક આધારિત વિકેન્તિ વ્યવસ્થાની  હેઠળ તેમની સમસ્યાથઓનું યોગ્ય સમાધાન થાય. આઝાદી સમયે દેશમાં અનેક વર્ષોની ગુલામી ભોગવ્યા બાદ અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા હતા. તેમાં ગરીબી, બેરોજગારી અને ભૂખમરો કેન્દ્ર સ્થાને રહ્યા છે. આ પ્રશ્નોના ઉકેલ માટે તે સમયની સરકાર ઘનિષ્ઠ પ્રયાસો કરવા જરૂરી બન્યા હતા. આર્થિક ક્ષેત્રે પ્રવર્તતી ગરીબી, બેરોજગારી ખેતી તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે ઓછું ઉત્પાદન વગેરે જેવા પ્રશ્નોને ઉકેલવા માટે ઈ.સ. ૧૯૫૧ થી પંચવર્ષીય યોજનાઓ દ્વારા વિવિધ પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા.

**મનરેગા યોજનાનો ખ્યાલ :-**

ભારતએ ગામડાઓનો બનેલો દેશ છે. ગામડામાં વસતા લોકોને આવશ્યકતા પ્રમાણે રોજગારી અને જીવનધોરણમાં સુધારો થાય તે માટે હાથ ધરવામાં આવેલ સરકારી યોજનાઓનું સતત મૂલ્યાંકન અને દેખરેખ કરી તેમાં ફેરફાર અને સુધારા વધારા કરીને તેને સફળતાપૂર્વક પાર પાડવા માટે નવી યોજનાઓ હાથ ધરવામાં આવી. ગામડાની આ સમસ્યાઓનો સ્થાનીય ધોરણે યોગ્ય અને કાયમી સમાધાન લાવવા માટે “મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ ૨૦૦૫" MGNREGA પસાર કરવામાં આવ્યો

છે. જેમાં ગ્રામ્યે વિસ્તારોમાં ટકાઉ સંપત્તિ ઉભી કરીને તેના દ્વારા રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુટુંબો કે જેના પુખ્ત વયના સભ્યો કે જેઓ શારીરિક શ્રમથી થઈ શકે તેવું બિનકુશળ કામ કરવા ઈચ્છુક હોય તેવા દરેક કુટુંબની જીવનનિર્વાહની તકો વધારવા માટે નાણાંકીય વર્ષમાં કુટુંબદીઠ ઓછામાં ઓછા ૧૦૦ દિવસની રોજગારી આપવાની ખાતરી આપવામાં આવી છે.

મનરેગા યોજનાની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૦૫માં કરવામાં આવી અને પ્રધાનમંત્રી મનમોહન સિંહ દ્વારા ૨ ફેબ્રુઆરી ૨૦૦૬થી આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામના બાહુથલ્લી ગામથી શરૂ કરી. તે સમયે તે નરેગા તરીકે ઓળખાતી યોજના જેને વર્ષ ૨૦૦૯માં **"મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના"** એવું નામ આપવામાં આવ્યું. આ યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં ૨૦૦ જિલ્લામાં, બીજા તબક્કામાં ૧30 જિલ્લાઓમાં અને પછી સમગ્ર દેશમાં આ યોજના લાગુ કરવામાં આવી હતી. આ અધિનિયમ અંતર્ગત સામાજિક અસમાનતા દૂર કરી શકાશે. ઉપરાંત આ યોજનામાં સ્ત્રીઓની 33%ની ભાગીદારીની જોગવાઈ કરવામાં આવી છે. જેના કારણે સ્ત્રીઓ પણ સ્વનિર્ભર બની શકે.

વડાપ્રધાન મનમોહનસિંહે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરેન્ટીગ યોજના (મનરેગા)નો અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં જણાવ્યા પ્રમાણે આ યોજનાનો લાભ દેશના પાંચ કરોડ પરિવારો સુધી પંહોચાડ્યો છે. આ યોજનાથી અત્યાર સુધીમાં દેશભરના ગ્રામજનો 3૭ હજાર કરોડ રૂપિયા કમાઈ ચૂકયા છે. આ યોજના હેઠળ દર વર્ષે ૧૨ કરોડ જોબકાર્ડ જારી કરવામાં આવ્યા હતા. અને ૮૦ ટકા ચુકવણી સીધી ખાતામાં થઈ હતી. વર્ષ ૨૦૦૬માં નરેગાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં દેશમાં આ યોજના હેઠળ કુલ ૭.૧૮ કરોડ ખાતાં ખૂલ્યાં છે. આ યોજના હેઠળ કામકાજના ૫૨૪ કરોડ દિવસનું સર્જન કરવામાં આવ્યું હતું. દેશમાં અત્યાર સુધીમાં આ યોજના અંતર્ગત ૨૭ લાખ પ્રોજેકટ પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૧૬ લાખ પ્રોજેકટ ચાલી રહ્યા છે.

**મનરેગા યોજનાના મુખ્ય ઉદ્દેશો અને કામગીરી :-**

1. ગ્રામીણ વિસ્તારના કુશળ શ્રમિકોને ૧૦૦ દિવસની બાંયધરીયુક્ત વેતન રોજગારી પ્રદાન કરવી. કાનૂની અધિકાર પ્રમાણે આ કાયદો ગ્રામીણ પરિવારોના પુખ્ત સભ્યો માટે રોજગાર મેળવવાનો કાનૂની અધિકાર પૂરો પાડે છે.
2. ગ્રામીણ વિસ્તારની આર્થિક સુરક્ષામાં વધારો કરવો.
3. ગ્રામીણ વિસ્તારોમાં થતાં સ્થળાંતરના પ્રમાણમાં ઘટાડો કરવો.

4. વિકેન્દ્રિત આયોજન અંતર્ગત આ કાર્યક્રમ ગ્રામ પંચાયતો દ્વારા અમલમાં મૂકવામાં આવે છે, જે સ્થાનિક સ્વ-શાસન સંસ્થાઓ છે, વિકેન્દ્રિત આયોજન અને અમલીકરણ સુનિશ્ચિત કરે છે.
5. મહિલા સશક્તિકરણ અંતર્ગત ઓછામાં ઓછા એક તૃતીયાંશ લાભાર્થીઓ મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
6. આ યોજના અંતર્ગત વૈધાનિક મર્યાદા અનુસાર લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ રાજ્યમાં કૃષિ મજૂરો માટે ઉલ્લેખિત વેતન અનુસાર વેતન ચૂકવવું આવશ્યક છે.
7. કામની ગેરંટીના અનુસંધાનમાં કામકાજ અંતર્ગત નિષ્ફળ થવા માટે માંગણી કરવામાં આવે તો શ્રમિકને તેના ૧૫દિવસની અંદર રોજગાર પ્રદાન કરવું આવશ્યક છે જેને 'બેરોજગાર ભથ્થું' આપવું આવશ્યક છે.
8. આ યોજના અંતર્ગત સહાયક પંચાયતો દ્વારા ગ્રામ સભાઓએ જે કામો હાથ ધરવાના છે તેની ભલામણ કરી ઓછામાં ઓછા ૫૦ ટકા કામો તેમના દ્વારા ચલાવવામાં આવેશે.
9. આ યોજના સામાજિક સુરક્ષાના પગલાંના અનુસંધાનમાં આ કાર્યક્રમ વયોવૃદ્ધ અને વિધવાઓ માટે બેરોજગારી ભથ્થાં અને પેન્શન યોજનાઓ જેવા સંખ્યાબંધ સામાજિક સુરક્ષા પગલાં પૂરા પાડે છે.
10. આ યોજના અંતર્ગત પારદર્શિતા અને જવાબદારીના સંદર્ભમાં મનરેગા બાયોમેટ્રિક સાધનો અને પારદર્શક ફરિયાદ નિવારણ પદ્ધતિના ઉપયોગ દ્વારા પારદર્શિતા અને જવાબદારી પૂરી પાડે છે.

**મનરેગા યોજના વર્તમાન સીનારિયો :-**

મનરેગા યોજના એક માંગ આધારિત યોજના છે જે ગ્રામીણ વિસ્તારોમાં વ્યક્તિના દિવસોનું નિર્માણ કામની માંગ પર આધારિત છે. મનરેગા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં વિક્રમી ૩૮૯ કરોડ વ્યક્તિ પ્રતિ દિવસ રોજગારી અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૬૩કરોડ રોજગારીનું સર્જન કર્યું છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયના જણાવ્યાં અનુસાર ભારત સરકારે વર્ષ ૨૦૨૩-૨૪માં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) યોજના માટે બજેટનું પ્રમાણ ઘટાડીને ૬૦,૦૦૦ કરોડ રૂપિયા કરી દીધું છે. જે વર્ષ ૨૦૨૨-૨૩ માટે કરવામાં આવેલી નવી ફાળવણી ₹૮૯,૦૦૦ કરોડના સુધારેલા અંદાજ કરતાં 33% ઓછી છે અને તે જ વર્ષના ₹૭૩,૦૦૦ કરોડના અંદાજપત્ર

કરતાં ૧૮% ઓછી છે.

**મનરેગા યોજનાના મુખ્ય પડકારો :-**

મનરેગા યોજના એ ગ્રામીણ વિકાસ અને માનવ જીવનધોરણના સ્તરને ઊંચું લાવવાના હેતુથી અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના દ્વારા ગ્રામીણ ક્ષેત્રે ટકાઉ અસ્ક્યામતોનું નિર્માણ થવા પામ્યું છે સાથે સાથે લોકોમાં રોજગારીનું પ્રમાણ પણ વધવા પામ્યું છે તેમ છતાં કેટલાક પડકારો મનરેગા યોજના સમક્ષ છે. જે તેના વિકાસને અવરોધક સાબિત થયા છે.

**૧. ભંડોળની ફાળવણી અને ઉપયોગ :-**

મનરેગા દ્વારા સામનો કરવામાં આવતા મુખ્ય પડકારોમાંનો એક છે ભંડોળની અપૂરતી ફાળવણીને કારણે વેતન ચૂકવણી અને કાર્યક્રમના અમલીકરણમાં વિલંબ થવા પામ્યો છે. જેને કારણે અમુક સમયે ગ્રામીણ વિસ્તારોમાં મનરેગા યોજના અંતર્ગત કામ કરતાં શ્રમિકોને સમયસર વેતન પ્રાપ્ત થતું નથી. જેને કારણે તેઓને આર્થિક રીતે નાણાંકીય તંગીનો સામનો કરવો પડે છે.

**૨. ભ્રષ્ટાચાર :-**

આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ સ્તરો પર ભ્રષ્ટાચાર જેમ કે ભંડોળનો દુરુપયોગ, બનાવટી જોબ કાર્ડ અને નકલી મસ્ટર રોલ જે કાર્યક્રમની અસરકારકતાને અવરોધે છે. જેને કારણે વેતન ચૂકવણીમાં વિલંબએ કાર્યક્રમમાં કામદારોની ઓછી ભાગીદારી માટેનું એક મુખ્ય કારણ છે.

**3. પારદર્શિતા અને જવાબદારીનો અભાવ** :-

આ યોજનામાં પારદર્શિતા અને જવાબદારીઓનો મોટો અભાવ જોવા મળ્યો છે. જેના કારણે ભંડોળના ગેરવહીવટ અને જવાબદારીના અભાવના કિસ્સાઓ બન્યા છે, જેણે આ યોજનાની વિશ્વસનીયતાને અસર કરી છે.

### ૪. જાગૃતિનો અભાવ :-

ઘણાખરા ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામીણ લોકોમાં સાક્ષરતાના અભાવને કારણે તેઓ મનરેગા યોજનાના અંગેના તેમના અધિકારો અને કાર્યક્રમની જોગવાઈઓથી અજાણ હોવાથી તેઓ આ યોજનામાં સક્રિય ભાગીદારી નોંધાવી શકતા નથી જેના કારણે યોજનામાં તેઓની ભાગીદારી ઓછી જોવા મળે છે.

### ઉપસંહાર :-

આ સંશોધન અભ્યાસ પરથી કહી શકાય કે ભારતમાં ગ્રામીણ વિકાસ અને રોજગારીના દરોમાં વધારો કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ મનરેગા યોજના દ્વારા ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ થયો છે. સાથે-સાથે લોકોને કામ પ્રાપ્ત થતાં ગ્રામીણ વિસ્તારોમાં સ્થળાંતરનું પ્રમાણ ઘટ્યું છે. તેમજ લોકોની આવકમાં વધારો થવા પામ્યો છે. પરંતુ, અમુક છેવાડાના ગ્રામીણ વિસ્તારોમાં હજુ જોઈએ તેટલો અમલ થયો નથી. આ યોજના અંતર્ગત કેટલાક દૂષણો જેવા કે ભ્રષ્ટાચાર, આયોજનનો અભાવ અને નાણાંકીય ભંડોળની અસમાનતા જવાબદાર બની રહે છે. જો મનરેગા યોજનાનો યોગ્ય અમલ થાય તો ગ્રામીણ વિસ્તારમાં ટકાઉ કામો અને રોજગારીના પ્રમાણમાં વધારો થઈ શકે છે.

**સંદર્ભ સૂચિ :-**


૧. પ્રો. વિપુલકુમાર સી. રામાણી 'મહાત્મા ગાંધી નરેગા યોજના' ઑક્ટોબર-૨૦૧૫

૨. કુનાલ બુકતસ, 'મનરેગા અને ગ્રામીણ વિકાસ' નવી દિલ્હી-વર્ષ-૨૦૧૬

3. Reduced Funds for MGNREGA in Budget 2023-24

4. https://byjus.com/free-ias-prep/mgnrega/

5. www.mgnrega.nic.in

6. www.ruraldev.gujarat.gov.in

7. www.nrega.nic.in